CC NO. 34842/2020

<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ક. ૨૫૮ અન્વયેનો હુકમ</u>

સદરહુ કેસનું રેકર્ડ વંચાણમાં લેવામાં આવેલ છે. આરોપી સામેનો હાલનો આ કેસ ઘણો જ જુનો છે. આરોપીને ઘણા લાંબા સમયથી કોર્ટ સમક્ષ લાવી શકાયેલ નથી. આરોપીને કોર્ટ સમક્ષ લાવવા માટેના યોગ્ય પ્રયત્નો થયેલ હોવાનું જણાઈ આવે છે તેમજ વારં વાર સમન્સ વગર બજે પરત આવેલ હોય આરોપી વિરુદ્ધનો ગુનો તેનો પ્રકાર મહત્મ સજાની જોગવાઈ વીગેરે ધ્યાનમાં લેતાં આરોપી વીરુધ્ધનો સદરહુ કેસ વધુ સમય આગળ ચલાવવો નાણા અને સમયના વ્યય સમાન છે. નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળના આદેશ તાથા નામદાર રાષ્ટ્રીય કાનુની સેવા સત્તામંડળના (નાલ્સા) દ્વારા પત્ર F.NO.L/23/2014/ NALSA/ 2351DATED–૨૦/૦૮/૨૦૧૪ તેમજ પત્ર ક્રમાંક GLSA/3779/2015 DATED24/11/215 માં હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા માર્ગદર્શક આદેશો અનુસાર તથા સદર મૃત સ્થિતીમાં હોય જુના વર્ગીકરણ કરી ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને રાખી સદરહુ કેસ આગળ ચલાવવા માટેના કોઈ યોગ્ય અને ઉચીત કારણો જણાઈ આવતા નથી.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા સદરહુ કેસ DEAD WOOD CASE ની કેટેગરીમાં આવે છે, જેથી તેવા કેસને આગળ ચલાવવાથી કોઈ અર્થ સરે તેમ નથી. જયારે તેવા કેસ ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાની કોઈપણ વ્યક્તી કે સરકાર પક્ષને પણ કોઈ જ પ્રેજ્યુડાઈઝ થવાની કોઈ જ શક્યતા નથી અને તેથી સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયે મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવો / મુદ્દામાલની નાશ કરવો / મુદ્દામાલ બાબતે ઈન્કવાયરી કરવી / મુદ્દામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે / મુદ્દામાલ સરકાર ખાલસા કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખ.૧૧–૦૨–૨૦૨૩
અમદાવાદ.

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૧૧૭૨.